૬૫૨

# સુરત મહાનગરપાલિકા

## પશ્ચિમ ઝોન(રાંદેર)

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) ધ્વારા દબાણ દૂર કરવાની ઝુંબેશનાં ભાગરૂપે તા.૦૨/૦૭/૨૦૧૬ અને તા.૦૪/૦૭/૨૦૧૬ નાં રોજ ઈજનેરી વિભાગ તેમજ દબાણ વિભાગ સહિતના સ્ટાફ ધ્વારા નીચે જણાવેલ રસ્તામાં/તથા માર્જીન/પાર્કિંગમાં નડતરરૂપ લારી–ગલ્લાં તથા અન્ય દબાણ દૂર કરવાની કામગીરી કાર્યવાહીની વિગત.

(૧) **તા.૦૨/૦૭/૨૦૧૬** નાં રોજ ટી.પી.સ્કીમ નં.૧૩(અડાજણ) માં આઈ.એન. ટેકરાવાળા સ્કુલથી અપના ઘર સોસાયટીનાં રોડ ઉપરથી ટ્રાફિકને અડચણરૂપ કુલ લારી–૩૮ (બંધ તથા ખુલ્લી) દૂર કરવામાં આવેલ છે. (૨) **તા.૦૪/૦૭/૨૦૧૬** નાં રોજ ટી.પી.સ્કીમ નં.૧૩(અડાજણ) હનીપાર્ક રોડ ઉપર આવેલ નાઈન સ્કેવર (સરિતા ડેરી) થી પંકજ નગર સોસાયટી સુધીનાં રોડ પર માર્જીન/પાર્કિંગનો ૧૦૦ ચો.ફુટ એરિયા ખૂલ્લો કરી ત્યાંથી કુલ લારી–૧૨ (બંધ) તેમજ આશરે ૧૫ જેટલા પાર્કિંગમાં અડચણરૂપ કોમર્શીયલ મિલ્કતની આગળના બેનરો / એડવર્ટાઈઝીંગ બોર્ડ વિગેરે દૂર કરવામાં આવેલ છે.

આમ ઉપરોકત તમામ કામગીરીથી આજુ બાજુના વિસ્તારમાં દબાણો દૂર થવાથી ટ્રાફિક / પાર્કિંગની ગંભીર સમસ્યા દૂર થશે. સદર તમામ દબાણો સબંધિત મિલ્કતદારોના વિરોધ વચ્ચે દૂર થયેલ છે. તેમજ દબાણો દૂર થવાથી જાહેર જનતા ધ્વારા સારો એવો પ્રતિસાદ મળેલ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે.

**સુરત મહાનગરપાલિકા**
**જાહેર આરોગ્ય વિભાગ**
**સ્વચ્છ ભારત અભિયાન**
**<u>પ્રેસનોટ</u>**

ભારત સરકાર દ્વારા આગામી સને ૨૦૧૯ સુધી "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૪/૦૭/૧૬ના રોજ **"ઈન્ટરનેશનલ કો. ઓપરેટીવ ડે"** નિમિત્તે તા.૦૧/૦૭/૧૬ થી તા.૧૫/૦૭/૧૬ દરમ્યાન શહેરી ઝોન વિસ્તારમાં રેસીડન્ટ વેલફેર એસોસીએસન અને હાઉસીંગ સોસાયટી માટે "સ્વચ્છ અને સ્વસ્થ ભારત" ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૦૨/૦૭/૧૬ના રોજ ઝોન વિસ્તારમાં આવેલ EWS આવાસ, હાઉસીંગ કોલોની તેમજ અનુદાન મેળવતી સોસાયટીના પ્રમુખ/સેક્રેટરી, કાર્યકર્તાઓ તેમજ સ્થાનીક રહેવાસીઓના ગ્રુપો બનાવી તેઓ દ્વારા સંયુકત ટીમો બનાવી મચ્છર જન્ય રોગોને નીયત્રિત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીક કામગીરી કરાવવામાં આવેલ, તેમજ EWS આવાસ, હાઉસીંગ કોલોની તેમજ અનુદાન મેળવતી સોસાયટીઓમાં ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

| ઝોન | વિસ્તાર |
|---|---|
| વરાછા ઝોન | ગુલાબદાસની ચાલ, મંદિર કળીયુ, આંબેડકરનગર, બર્માસેલ, પારસી ભેસ્તા, EWS કવાર્ટસ જુની આબાંવાડી, પાટીચાલ, મફતનગર, ઉધરસ ભૈયાની વાડી, વરૂણ કોમ્પ., દલીત વસાયત, એકતાનગર, નવો મહોલ્લો, લાલબાવાનો અખાડો, કોહીનુર સોસા. અટલજીનગર, બજરંગનગર, સરદારપાર્ક, ભરતનગર, કૃષ્ણનગરઝુ, શ્રીરામનગરઝુ, ટાંકીપાળ, શકિતવિજય સોસા., ચીપવાડ મહોલ્લો, બાગ્લાદેશઝુ, ખાન મહોલ્લો, કુવા ફળીયુ, મંદિર ફળીયુ, અંબીકાવિજય સો., રાવલ ફળીયુ, ગોપીનાથ સો., ક્રિષ્નાટાઉનશીપ, અભિષેક રેસી., ગોલ્ડન સીટી, ઓપેરા હાઉસ, સુદર રેસીડેન્સી,સત્યમ રો હાઉસ, મારૂતીનદંન, વનમાળીપાર્ક, ગજાનંદ–૩, તેમજ આજુબાજુનો વિસ્તાર |
| ઉધના ઝોન | વ્હોરા કબ્રસ્તાન, ગાંધીનગર બ્લોક, ભીમનગર, કૃષ્ણનગર, સીતાનગર, શીવમનગર, ગણેસનગર, શાંતીવન, મણીનગર, કૈલાશનગર–૩, શબનમનગર, મહાવીરનગર તેમજ આજુબાજુનો વિસ્તાર |
| રાદેર ઝોન | શીતલ ટોકીઝ, સુભાષનગર, અડજણગામ, લસણ ફળીયુ, મુસ્લીમ ફળીયુ, ભગવાન ડાયાની ચાલ, સંત તુકારામ વિભાગ–૨ ઓ ૬, અંબિકાનગર સોસા., રામનગર તેમજ આજુબાજુનો વિસ્તાર |
| લિબાયતઝોન | મદનપુરા ,સુભાષનગર, માનદરવાજા ગલી નં.૧ થી ૧૭ ,રેલ રાહત કોલોની, બાખડ મહોલ્લો, આજુબાજુનો વિસ્તાર |
| સેન્ટ્રલ ઝોન | પ્રણામી મંદિર, સૈયદવાડા, અલ્લાયાની વાડી, બેગમપુરા, શિવમનગર, લક્ષ્મીનારાયણનગર–૧ અને ૨, રઘુકુલનગર, અમીધારાનગર, હરિદ્વારનગર, શિવમનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ સોસાયટી, રબારી વસાહત આજુબાજુનો વિસ્તાર |
| કતારગામ ઝોન | રહેમતનગર, જનતાનગર, પટેલવાડી–૧–૨, રીલાયન્સનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ એચ–૧ આવાસ તેમજ આજુબાજુનો વિસ્તાર |
| અઠવા ઝોન | ઓલપાડી મહોલ્લો, પનાસગામ, જલારામ ફળીયુ, નવુ ભટાર હળપતીવાસ, SMC કવાટર્સ, ચાઈનાગેટ, ગવીયર હળપતીવાસ તેમજ આજુબાજુનો વિસ્તાર |

આ કામગીરી દરમ્યાન તમામ ઝોન વિસ્તારમાં આવેલ પૈકી ૪૩૧૯૩ સર્વે કરેલ ઘર, ૧૦૪૨૦૫ સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ, ૨૫૮ નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ, ૧૩૩૩૭ ડ્રાય કરેલ પાત્રો, ૧૩૮૬ સોર્સ રીડકશન, ૨૦૩૮ બ્લડ સ્મીયર કલેકશન, ૧૪૭ નોટિસો, રૂા.૬૭,૪૫૦/– વહીવટી ખર્ચ, ૧૦૩ ઇસમની સંખ્યા, ૪૦૯૫૯ ટેમીફોસ ટ્રીટમેન્ટ, ૧૭૩૪૦ પેમ્ફલેટ, ૭૦૮ કાપડથી ઢાકેલ કન્ટેનર તેમજ આજુ બાજુના વિસ્તારની ધનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ રહિશોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું. **"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**૬૫૭**

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૨/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં મોજે–ભેસ્તાન, રે.સ.નં. ૫૯, ૬૦, ૬૧, પ્લોટ નં. ૧૦૩, ૧૦૪, ૧૦૫, યુનિટી ઈન્ડ. ખાતે ૫૦૦ ચો.ફુટ આર.સી.સી. બાંધકામ તથા ૩૦૦ ચો.ફુટ ચણતર દિવાલ નું ડીમોલીશન પ્રગતિ હેઠળ છે.

# પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૦૪.૦૭.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૧** ફાઈલના **રૂા.૦.૦૫ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૩૧** લોકેશન(ખાડા) **૧૦૧૧ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે. **કુલ–૨૦** લોકેશન, **૧૨૩૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે, તથા સાઉથ ઝોન (ઉધના) ટી.પી.૧ (ઉધના–મજુરા), ફા.પ્લોટ નં.૧૩૪, સબ પ્લોટ નં.૪,૫, ખાતે **૧૨૦ ચો.ફુટ આર.સી.સી.** સ્લેબ નું ડીમોલીશન કરવામાં આવેલ તથા **ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧,૨૫,૦૦૦/–, ડિપોઝીટ પેટે રૂા.૧,૨૫,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા. ૨,૫૦૦** વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.**૦/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૮૧ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૨૮૧** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૭.૯૧** લાખ થયેલ છે. તથા **વ્યવયાસ વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨.૯૨** લાખ થયેલ છે., ૭ EC તથા **૧૧** RC નોંધાયેલ છે., નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૬,૨૨ /–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** ૦૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૯ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૦૪.૯૭૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૫૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ : **૧૧૮૩૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૩૮૪૨** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૬૫** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૯૫** કરવામાં આવેલ છે. જયારે **૨૮** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૩,૪૫૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૬૫૯

# <u>"સુમન વોચ" પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા રાત્રી દરમ્યાન કરવામાં આવતી સફાઈ, સ્ટ્રીટ લાઈટ, વિગેરેકામગીરીના મોનીટરીંગ માટે હાલમાં નાઈટરાઉન્ડ માટે વિવિધ ઓફિસરનિયુક્ત કરવામાં આવે છે અને તેઓ દ્વારા એસાઈન કરેલ ઝોન વિસ્તારની મુલાકાત લઈને નાઈટ રાઉન્ડ દરમ્યાન ધ્યાને આવેલ વિગતો/ક્ષતિઓ અંગેનો અહેવાલ મે. કમિશનરશ્રીનેજાણ માટે તથા જેતે ઝોન/વિભાગનેતે સંદર્ભે યોગ્યતેકાર્યવાહી માટે / ક્ષતિ નિવારવા માટેમોકલાવવામાં આવે છે.સદરહુ મેન્યુઅલ પ્રકિયાને કારણેઅહેવાલ તૈયાર કરવામાં, ફરિયાદ નોંધણીમાં તથા તે બાબતનીજાણ લાગતને થવામાં સમય વ્યતિત થતો હોય તે સંદર્ભે ધ્યાને આવેલ ક્ષતિઓને દુરસ્ત કરવામાંપણ વધુ સમય જતો રહે છે.

ઉપરોક્ત બાબત ધ્યાને લઈને,અધિકારીઓનાં નાઈટ રાઉન્ડ અંગેની કામગીરી માટે સુરત મહાનગરપાલિકા દ્વારા નાઈટ રાઉન્ડ એપ - “સુમન વોચ” બનાવવામાં આવેલ છે. સદર એપ મારફત જેતે અધિકારીએ ફિલ્ડમાંથી સીધી વિગત ભરવાની રહેશે અને તેને આધારે નાઈટ રાઉન્ડ રીપોર્ટ ઓટો-જનરેટ થશે અનેધ્યાને આવેલ ક્ષતિઓ પણ કમ્પ્લેઇન મેનેજમેન્ટ સિસ્ટમમાં સીધે-સીધી ફરિયાદના રૂપમાં રજિસ્ટર થઇ જશે અનેતે બાબતની જાણ લાગત અધિકારી/ઇજારદારને તુરત જ ઓનલાઈન થઇ જશે.વધુમાં જેતે અધિકારી દ્વારા કામગીરી સંદર્ભે ફોટોગ્રાફ્સ પણ લઇ શકે છે.

ઉપરોક્ત “સુમન વોચ” એપતા. ૦૧.૦૬.૨૦૧૬ થી પ્રથમ તબક્કે તમામએક્ઝીક્યુટીવ ઈજનેર, આસીસ્ટંટ કમિશ્નર વિ. કેડરનાં અધિકારીઓ માટે અમલમાં મુકવામાં આવેલ.આટેબ્લેટ બેઝ્ડ એપ્લીકેશનનો જેતે અધિકારી દ્વારા કરવામાં આવેલ નિરિક્ષણનોરીપોર્ટ તુરતજ જનરેટ

થઇ તથા તેની જાણ લાગત અધિકારીને પણ તુરતકરવામાં આવે છે જેથી ધ્યાને આવેલ ક્ષતિઓ સંદર્ભે જરૂરી કાર્યવાહી પણ તુરંત જ/ઝડપથી હાથે લઇ શકાય છે.

"સુમન વોચ"એપ થકી ૦૧.૦૬.૨૦૧૬થી ૩૦.૦૬.૨૦૧૬ દરમિયાન Garbage & Cleanliness (673), Street Light (105), Security Staff (31), WTP,WDS & Intake Well (34), STP & SPS (11), Fire Station (5), Zone Office (12)જેવી અલગ અલગકેટેગરી માટે કૂલ ૮૭૧ મુદ્દાઓફરિયાદ તરીકે નોંધી તેના નિકાલ કરવા માટેનું મોનીટરીંગ સ્મેકસેન્ટર (સ્માર્ટ સીટી સેન્ટર)મારફત કરવામાં આવે છે. સદર એક માસની કામગીરીમાં અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવેલ કામગીરી સમજી અને"સુમન વોચ" એપઅંગે તેમના અભિપ્રાય લઇ એપ્લીકેશનમાં જરૂરી સુધારા વધારા આમેજ કરવામાં આવેલ છે અને હવે જુલાઈ માસથી સદર એપ્લીકેશન સંપૂર્ણપણે અમલમાં મુકતા બીજા તબક્કાનાં અધિકારીઓ સહિતનાં તમામ દ્વારા"સુમન વોચ" એપના ઉપયોગનું અમલીકરણ કરવામાં આવેલ છે. જેના થકી અધિકારીઓ દ્વારા નોંધવામાં આવેલ ક્ષતિઓ તથા ફરિયાદો તુરંત જ સિસ્ટમમાં નોંધાશે અને ક્ષતિ/ફરિયાદનાં નિવારણ માટે જવાબદાર અધિકારી/કર્મચારીઓને તુરંત જ તેની જાણ કરવામાં આવે છે. આ "સુમન વોચ" એપની કામગીરીનું મોનીટરીંગ સ્મેક સેન્ટર "સ્માર્ટસીટી સેન્ટર" મારફત કરવામાં આવશે જેથી રોજબરોજ નોંધાયેલ ક્ષતિઓ/ફરિયાદોનાં નિવારણની કામગીરી અસરકારક અને પેપરલેસ બનાવી શકશે. આમ સુરત મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટસીટી તરફ એક પગલું ભરતા નાગરિકલક્ષી કામગીરીને ઝડપી અને અસરકારક બનાવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી સને ૨૦૧૯ સુધી "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૪/૦૭/૧૬ના રોજ **"ઈન્ટરનેશનલ કો. ઓપરેટીવ ડે"** નિમિત્તે તા.૦૧/૦૭/૧૬ થી તા.૧૫/૦૭/૧૬ દરમ્યાન શહેરી ઝોન વિસ્તારમાં રેસીડન્ટ વેલફેર એસોસીએસન અને હાઉસીંગ સોસાયટી માટે "સ્વચ્છ અને સ્વચ્થ ભારત" ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૦૪/૦૭/૧૬ના રોજ ઝોન વિસ્તારમાં આવેલ EWS આવાસ, હાઉસીંગ કોલોની તેમજ અનુદાન મેળવતી સોસાયટીના પ્રમુખ/સેક્રેટરી, કાર્યકર્તાઓ તેમજ સ્થાનીક રહેવાસીઓના ગ્રુપો બનાવી તેઓ દ્વારા સંયુકત ટીમો બનાવી મચ્છર જન્ય રોગોને નીયત્રિત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીક કામગીરી કરાવવામાં આવેલ, તેમજ EWS આવાસ, હાઉસીંગ કોલોની તેમજ અનુદાન મેળવતી સોસાયટીઓમાં ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન તમામ ઝોનમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ હતી.

| ઝોન | સફાઈ કરાવવામાં આવેલ | | | | | | | નિકાલ કરેલ કચરો (કિ.ગ્રા) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | મહાનુભાવોની પ્રતિમાની સંખ્યા | ટ્રાફિક સર્કલની સંખ્યા | જાહેર બાગ–બગીચાની સંખ્યા | જાહેર શૈચાલયની સંખ્યા | પાણીની ટાંકીઓની સંખ્યા | વોટર કુલર/ વોટર ફિલ્ટરની સંખ્યા | સુપરવાઈઝની સ્ટાફ | | |
| **વરાછાઝોન** | 3 | 13 | 7 | 3 | 2 | 1 | 8 | 0.700 | 65 |
| **ઉધના ઝોન** | 6 | 23 | 13 | - | 21 | - | 5 | 0.662 | 38 |
| **રાદેરઝોન** | 14 | 28 | - | - | 2 | 4 | 9 | 0.445 | 37 |
| **લિબાયતઝોન** | 2 | 5 | 4 | - | - | - | 4 | 0.300 | 45 |
| **સેન્ટ્રલઝોન** | 8 | 12 | 10 | 29 | - | - | 8 | 0.756 | 78 |
| **કતારગામઝોન** | 2 | 11 | 5 | - | 2 | 5 | 6 | 0.225 | 56 |
| **અઠવાઝોન** | 8 | 12 | 5 | 6 | 2 | 1 | 7 | 0.856 | 47 |
| **ટોટલ** | **43** | **104** | **44** | **38** | **29** | **11** | **47** | **3.944** | **366** |

વધુમાં આજુ બાજુના વિસ્તારની ધનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ રહિશોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

-: પ્રેસનોટ :-

## સુરત મહાનગરપાલિકા આયોજીત આરતી શણગાર, મહેંદી અને ગોરમાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૧૫/૦૭/૨૦૧૬ થી તા.૧૯/૦૭/૨૦૧૬ દરમ્યાન નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | સ્પર્ધા / વિભાગ | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૫/૦૭/૨૦૧૬ શુક્રવાર | બપોરે ૧૨ કલાકે | થાળી આરતી શણગાર | પ્રાથમિક અને માધ્યમિક | દિવાળી બાગ કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, અડાજણ, સુરત. |
| ૨ | ૧૬/૦૭/૨૦૧૬ શનિવાર | સવારે ૧૧ કલાકે | સાદી મહેંદી | પ્રાથમિક અને માધ્યમિક | નાના વરાછા ગામતળ, નગર પ્રાથમિક શાળા પાસે આવેલ સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, નાના વરાછા, સુરત. |
| ૩ | ૧૬/૦૭/૨૦૧૬ શનિવાર | બપોરે ૨ કલાકે | અરેબિક મહેંદી | પ્રાથમિક અને માધ્યમિક | |
| ૪ | ૧૮/૦૭/૨૦૧૬ સોમવાર | સવારે ૧૧ કલાકે | સાદી મહેંદી | ખુલ્લો વિભાગ | |
| ૫ | ૧૮/૦૭/૨૦૧૬ સોમવાર | બપોરે ૨ કલાકે | અરેબિક મહેંદી | ખુલ્લો વિભાગ | |
| ૬ | ૧૯/૦૭/૨૦૧૬ મંગળવાર | સવારે ૧૧ કલાકે | ગોરમાગીત | પ્રાથમિક વિભાગ | પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત. |

થાળી શણગાર સ્પર્ધામાં સુરત શહેરની પ્રાથમિક / માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ, મહેંદી સ્પર્ધામાં સુરત શહેરની પ્રાથમિક / માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં સુરત શહેરની મહિલાઓ ભાગ લઈ શકશે. <u>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના વિદ્યાર્થીનીઓએ તેઓના મહેંદી હરિફાઈના પ્રવેશપત્રો જે તે શાળા મારફત જ સાંસ્કૃતિક વિભાગમાં મોકલવાના રહેશે.</u> ગોરમાગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની ૮ થી ૧૩ વર્ષની વિદ્યાર્થીની/કન્યાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી **તા.૧૩/૦૭/૨૦૧૬** સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ સ્પર્ધામાં ભાગ લેવા બાબતની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ અંગેની માહિતી મળી શકશે.

સમાચારયાદી નં. ,તા.૫ /૦૭/૨૦૧૬, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

661

૬૬૨

# <u>સુરત મહાનગરપાલિકા</u>

# <u>સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન</u>

# <u>અખબારી યાદી</u>

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૫/૦૭/૧૬ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)ના ફા.પ્લોટ નં.૧૨૩(બી.કે.પાર્ક સોસાયટી)વાળી મિલ્કતના માર્જીનવાળા ભાગમાં આશરે ૩૦૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં લોખંડની એંગલ નાંખી પતરાવાળું ગેરકાયદેસર બાંધકામ આજરોજ દુર કરવામાં આવેલ છે. તેમજ મિલ્કતદારો પાસે સદરહું ડીમોલીશન કામગીરી પેટે રૂા.૧૮૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. સદરહું કામગીરી અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોનના સ્ટાફ તથા સિકયુરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

૬૬૩

# :: પ્રેસનોટ ::

''તાપી નદીની જન્મજયંતિ ઉજવણી અંતર્ગત ચિત્રકામ સ્પર્ધા

સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૭/૨૦૧૬ને શુક્રવારના રોજ બપોરે ૧.૦૦ કલાકે ધો.૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓ અને ૧૮ વર્ષથી ઉપરના ખુલ્લા વિભાગની ચિત્રકામ સ્પર્ધાનું આયોજન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધાઓમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

# પ્રેસનોટ
## ગાર્ડન ખાતુ
## સુરત મહાનગરપાલિકા

## એસ.એમ.એસ આધારીત ટ્રી–પ્લાન્ટેશન

વૃક્ષારોપણને વધુ વેગ મળે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા એસ.એમ.એસ આધારીત ટ્રી–પ્લાન્ટેશન યોજનાનો શુભારંભ મા. મેયર શ્રીમતિ અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના વરદ્દ હસ્તે કરવામાં આવેલ છે. સદર યોજનાનો લાભ નગરજનો ૧૫ મી જુનથી ૧૫મી સપ્ટેમ્બર સુધી લઈ શકશે. સદર યોજનાનો લાભ લેવા માટે સુ.મ.પા.ના મોબાઈલ નંબર ૯૨૭૪ ૨૨૨ ૨૨૨ પર એસ.એમ.એસ. GREENSURAT પર મળેલ સંદેશા મુજબ સુરત શહેર હદ વિસ્તારમાં જે તે ઝોનમાં ખાનગી જમીનો ઉપર વૃક્ષોના રોપાનું રોપાણ કોર્પોરેશન ધ્વારા કરવામાં આવે છે. ત્યારબાદ કરવામાં આવેલ ટ્રી–પ્લાન્ટેશન મોટા વૃક્ષમાં પરિણમે (૧૫ થી ૨૦ ફુટની ઉંચાઈનું થાય ત્યાં સુધી) ત્યાં સુધી તેની માવજત કરવા એસ.એમ.એસ. કરનાર પાસેથી વૃક્ષો ઉછેર અને સંરક્ષણ કરવાની જવાબદારી અંગે લેખિત બાહેંધરી પત્ર લેવામાં આવે છે. તા.૦૪/૦૭/૧૬ સુધીમાં ગાર્ડન વિભાગને મળેલ કુલ ૫૫૯ ઓનલાઈન એપ્લીકેશન પૈકી ૩૫૪ એપ્લીકેશન ગ્રાહય રાખવામાં આવેલ. ઓનલાઈન એપ્લીકેશન કરનારનો સંપર્ક કરી કુલ ૧૩૮ નગરજનોના ખાનગી સ્થળો / પ્લોટમાં કુલ ૨૨૫૪ વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન સુ.મ.પા.ના ગાર્ડન વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે. સુરત શહેરમાં વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે માટે અને પર્યાવરણ જાળવણીમાં યોગદાન આપવા માટે નગરજનોને આ યોજનાનો લાભ લેવા વિનંતી.

જનસંપર્ક વિભાગ
તા. 05 JUL 2016
સુરત મહાનગર સેવા સદન
તરફથી પ્રસિદ્ધ સમાચાર યાદી
નં. 664

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૪/૦૭/૨૦૧૬ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૪૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૨૪૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૮૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૭૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૩૨૪૧ કરદાતાઓ પાસેથી રૂા.૯૫,૩૯,૨૫૫/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૪૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૯૧ એન્ટ્રીમાં રૂા.૧,૭૪,૨૭૧/– અને આર.સી.ની ૫૧ એન્ટ્રીમાં રૂા.૧,૮૧,૦૮૬/– મળી કુલ રૂા.૩,૫૫,૩૫૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧૬૦/– રીન્યુઅલની ૧૨ એન્ટ્રીમાં રૂા.૬૪૦/– અને દંડની રકમની ૦૯ એન્ટ્રીમાં રૂા.૧૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૦,૪૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા રમણનગર તથા સંતોષીનગર સોસા. દબાણ હટાવી ખુલ્લી લારી–૩૫, પાથરણા–૨૯ તથા કાંટી–૦૩ જપ્ત કરવામાં આવેલ છે.

# -: પ્રેસનોટ :-

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૫/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.૫૮ (બમરોલી), ફા.પ્લોટ નં. ૯૨/એ,બી, બ્લોક નં.૨૪૯, નેમનગર ખાતે, સબ પ્લોટ નં.૪૨૬ તથા સી.ઓ.પી.નું બાંધકામ તથા **૮૦૦ ચો.ફુટ મેશનરીનું** ડીમોલીશન કરવામાં આવેલ તથા **ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૩,૦૦,૦૦૦/–, ડિપોઝીટ પેટે રૂા.૩,૦૦,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**-: પ્રેસનોટ :-**

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૪/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.૧ (ઉધના-મજુરા), ફા.પ્લોટ નં.૧૩૪, સબ પ્લોટ નં.૪,૫, ખાતે ૧૨૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ નું ડીમોલીશન કરવામાં આવેલ તથા ડીમોલીશન ચાર્જ પેટે રૂ.૧,૨૫,૦૦૦/-, ડિપોઝીટ પેટે રૂ.૧,૨૫,૦૦૦/- તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂ. ૨,૫૦૦ વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં....૬૬૭
તા.૦૫-૦૭-૨૦૧૬

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૫.૦૭.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૭** ફાઈલના **રૂા.૦.૨૩ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ**–**૩૦** લોકેશન(ખાડા) **૧૩૫૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે. **કુલ–૧૫** લોકેશન, **૪૧૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે, તથા સાઉથ ઝોન (ઉધના) ટી.પી.૫૮ (બમરોલી), ફા.પ્લોટ નં. ૯૨/એ,બી, બ્લોક નં.૨૪૯, સબ પ્લોટ નં.૪૨૬ તથા સી.ઓ.પી.નું બાંધકામ, નેમનગર ખાતે **૮૦૦ ચો.ફુટ મેશનરીનું** ડીમોલીશન કરવામાં આવેલ તથા **ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૩,૦૦,૦૦૦/–, ડિપોઝીટ પેટે રૂા.૩,૦૦,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૨૨** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૨૪૨** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૪.૯૧** લાખ થયેલ છે. તથા **વ્યવયાસ વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૪.૬૩** લાખ થયેલ છે., ૮ EC તથા ૬ RC નોંધાયેલ છે., નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૭,૪૦** /– વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૩૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**., ૧૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૮૦** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૦** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૩૦.૪૮૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૨૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ : **૯૪૮૭** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૦૫૫૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૫૬** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૦૬** કરવામાં આવેલ છે. જયારે **૩૨** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૭,૧૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૬૬૯

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી સને ૨૦૧૯ સુધી "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૪/૦૭/૧૬ના રોજ "ઈન્ટરનેશનલ કો. ઓપરેટીવ ડે" નિમિત્તે તા.૦૧/૦૭/૧૬ થી તા.૧૫/૦૭/૧૬ દરમ્યાન શહેરી ઝોન વિસ્તારમાં રેસીડન્ટ વેલફેર એસોસીએસન અને હાઉસીંગ સોસાયટી માટે "સ્વચ્છ અને સ્વચ્થ ભારત" ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૦૫/૦૭/૧૬ના રોજ ઝોન/વોર્ડ વિસ્તારમાં આવેલ જાહેર સ્થળો, ઓફિસો, સરકારી / અર્ધસરકારી સંસ્થાઓ, શાળા / કોલેજ, હોસ્પિટલો વિગેરેની આસપાસ પ્રતિબંધિત વિસ્તારમાં તમાકુ, ગુટખા,પાન મસાલા, બિડી, સીગરેટ તથા અન્ય તમાકુની બનાવટોના વેચાણ તથા જાહેરમાં થુંકવા પર પ્રતિબંધને લગતી કામગીરીની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન તમામ ઝોનમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ હતી.

| ઝોન | ચેક કરેલ સંસ્થાની સંખ્યા | ગુટકા પાઉચ | તમાકુ પડીકી | બીડી બંડલ | સીગરેટ પેકેટ | જપ્ત કરેલ પ્લાસ્ટિક (કિ.ગ્રા) | નોટીસ | ઈસમો | વહિવટી વસુલાત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **વરાછાઝોન** | 93 | 0 | 105 | 55 | 20 | 8 | 8 | 10 | 2000 |
| **ઉધના ઝોન** | 74 | 105 | 107 | 25 | 11 | 5 | 11 | 18 | 3600 |
| **રાદેરઝોન** | 71 | 58 | 68 | 52 | 18 | 6 | 10 | 12 | 600 |
| **લિબાયતઝોન** | 74 | 111 | 58 | 26 | 17 | 3 | 6 | 22 | 4400 |
| **સેન્ટ્રલઝોન** | 69 | 0 | 91 | 17 | 2 | 5 | 12 | 40 | 8000 |
| **કતારગામઝોન** | 79 | 60 | 78 | 68 | 7 | 6 | 15 | 31 | 6200 |
| **અઠવાઝોન** | 39 | 56 | 66 | 10 | 8 | 3 | 8 | 22 | 4400 |
| **ટોટલ** | **499** | **390** | **573** | **253** | **83** | **36** | **70** | **155** | **29200** |

વધુમાં આજુ બાજુના વિસ્તારની ધનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ રહિશોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૬૭૦

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૮, નોંધ નં. ૮૨ નવસારી બજાર, મેઈન રોડ, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદારે મંજુર પ્લાન વિરુધ્ધ ગ્રા.ફલોર તથા પહેલા માળ પર આશરે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરેલ ફ્રન્ટ તથા રીઅર માર્જીન કવર્ડ કરવા સહિતનું ગેરકાયદેસર બાંધકામ આજે તા.૦૭/૦૭/૨૦૧૬ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

૬૭૧

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૭/૦૭/૧૬ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- મે.કમિશ્નરશ્રીની સુચના / હુકમ અન્વયે ઝોન વિસ્તારના "૦" દબાણ રૂટ ઉપર આવેલ દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.જેના ભાગરૂપે સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના ઉધના–મગદલ્લા મેઈન રોડ ઉપર આવેલ અણુવ્રત દ્વાર થી ભટાર ચાર રસ્તા સુધીના રોડ પર કૃષિ ફાર્મને લાગુ ૫૫ નંગ કાચા ઝૂંપડાઓનું દબાણ દૂર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.
- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ બ્રેડ લાઈનર સર્કલ થી વાલ્મી કેમ્પસને જોડતાં કેનાલ રોડ પર ૨૫ નંગ કાચા ઝૂંપડાઓનું દબાણ દૂર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

સદરહું કામગીરી અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના ટેકનીકલ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

૯૭૨

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૫દરમ્યાન કુલ ૧૨૨ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.

સને ૨૦૧૬નો આ પ્રથમ મેડીકલ કેમ્પતા.૦૨/૦૭/૨૦૧૬ને શનિવારનાં રોજ પાલનપોર શહેરી આરોગ્ય કેન્દ્ર, સંત તુકારામ વિભાગ–૬ની સામે,પાલનપુર જકાતનાકા, સુરત ખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાત મંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણ તથા સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૫/૦૭/૨૦૧૬ થી તા.૦૬/૦૭/૨૦૧૬ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૧૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૦૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૮૨૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૦૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૮૩૮૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૩૫૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૦૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૬૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૩૧૧૮ કરદાતાઓ પાસેથી રૂા.૯૭,૩૪,૩૬૦/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૬૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૮૭ એન્ટ્રીમાં રૂા.૧,૭૦,૧૫૧/– અને આર.સી.ની ૮૦ એન્ટ્રીમાં રૂા.૪,૦૮,૦૬૦/– મળી કુલ રૂા.૫,૭૮,૨૧૧/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૦૦/– રીન્યુઅલની ૨૪ એન્ટ્રીમાં રૂા.૧૩૪૦/– અને દંડની રકમની ૧૪ એન્ટ્રીમાં રૂા.૪૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૬,૬૬૦/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા (૧) "O" રોડ : ગજેરા સર્કલ થી અમરોલી પુલ રોડ સુધી, ગજેરા સ્કુલ થી રાશી સર્કલ BRTS રોડ, અમરોલી જુના જકાત નાકા થી પાળા પરના ઝુપડાનુ, ગજેરા સામે જી.આઈ.ડી.સી. પાસેથી, મહિલા મંદિર પાસે ડભોલી રોડ થી દબાણ હટાવી ખુલ્લી લારી–૧૭, બંધ લારી–૦૫ તથા અન્ય–૪૦ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : નવનાથના ખાડા પાસેથી, લક્ષ્મીકાંત આશ્રમ રોડ પરથી તથા ગાયત્રીનગર સોસા. હરી હરી સોસા. થી દબાણ હટાવી ખુલ્લી લારી–૧૨, બંધ લારી–૦૧ તથા અન્ય–૧૨ જપ્ત કરવામાં આવેલ છે.

## :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા **તા.૨૦/૦૭/૨૦૧૬**ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે **માધ્યમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા** અને સવારે ૧૧.૦૦ કલાકે **પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા**નું આયોજન **પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત** ખાતે કરવામાં આવેલ છે. વર્ષાગીત સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **પ્રવેશપત્રો તા.૧૬/૦૭/૨૦૧૬** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ સ્પર્ધા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશફોર્મની વિગત મળી શકશે.

સમાચારયાદી નં. 674, તા.૦૭/૦૭/૨૦૧૬, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

**પ્રેસનોટ**
**સાઉથઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

તા.૦૭.૦૭.૨૦૧૬ **નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૂડા એક્ટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૨ ફાઈલના **રૂ.૦.૦૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૧ લોકેશન (ખાડા) ૧૩૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ ૮.૬૩ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ–૨૧** લોકેશન(ખાડા) ૭૮૦ **ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે. **કુલ–૨૨** લોકેશન, ૨૪૦૦.૦૦ **ચો.મી.** રેકેપીગની કામગીરી કરવામાં આવેલ છે, તથા સાઉથ ઝોન (ઉધના) ટી.પી.૫૮ (બમરોલી), એફ.પી.૧૦૩/એ,બી,સી, બ્લોક નં.૨૭૩/એ,બી,સી, માં જયઅંબે સોસાયટીમાં રીઝવેશન પૈકીની જગ્યામાં આશરે **૨૫૦ ચો.ફુટ** મકાનનું ડીમોલીશન કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂ.૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી** વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૧** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : **૧૬૬** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂ.૧૭.૯૧** લાખ થયેલ છે. તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂ.૫.૮૨** લાખ થયેલ છે., ૭ EC તથા ૯ RC નોંધાયેલ છે., નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂ.૧૨,૪૭ /–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂ.૧,૮૦૦/–** વસુલ લેવામાં આવેલ છે., ૨૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬ છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૨૨.૦૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ ૩૨ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂ.૧,૨૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : ૯૩૨૮ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૦૬૨૪** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ ૪૪ છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૮૭૭ કરવામાં આવેલ છે. જ્યારે **૧૯** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂ.૦/–** વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં........6.7.5...**
**તા.૦૭–૦૭– ૨૦૧૬**

# <u>પ્રેસ નોટ</u>

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૫ જુન, ૨૦૧૫ના રોજ સ્માર્ટ સીટી મિશનની શરૂઆત કરવામાં આવેલ હતી. સ્માર્ટ સીટી મિશનની પ્રથમ વર્ષગાંઠ ૨૫ જુન, ૨૦૧૬ ના રોજ હતી. જે નિમિતે સ્માર્ટ સીટી મિશન અંતર્ગત સ્માર્ટ સીટી પ્રોજેકટસના અમલીકરણની પ્રક્રિયામાં નાગરિકોના અભિપ્રાય/ સુચનો મેળવવા માટે ભારત સરકાર દ્વારા www.mygov.in વેબસાઈટ પર નાગરિકોના સહકાર દ્વારા ક્રો–ક્રિએશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે, જેનું શીર્ષક "Make Our Surat City Smart" છે. આ શીર્ષક અન્વયે કુલ બે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં પ્રથમ તબકકામાં હાલમાં એરિયા બેઈઝડ ડેવલપમેન્ટ વિસ્તારમાં (૧) અર્ચના સર્કલથી આઈ માતા સર્કલથી કબૂતરખાનાથી ડુંભાલ ફાયર સ્ટેશન વચ્ચેનો રોડ તથા મિલેનિયમ માર્કેટની પાછળના ભાગમાં સુરત મહાનગરપાલિકાના મલ્ટી લેવલ પાર્કિંગ પાસે આવેલ જંકશન, (૨) ટી.પી.૬૪(ડુંભાલ–મગોબ), ફા.પ્લોટ નં.આર/૭ ખાતે લેન્ડમાર્ક ટેક્ષટાઈલ માર્કેટની પાછળના ભાગમાં આવેલ પાર્ક(ગાર્ડન) ની પસંદગી સ્પર્ધા માટે કરવામાં આવેલ છે. આ બંને કોમ્પોનેન્ટને વધુ આકર્ષક અને ઉપયોગી બનાવવા માટેના સુચનો આપવા નાગરિકો ભારત સરકારની www.mygov.in વેબસાઈટ પર રજીસ્ટર થઈને સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને સુરત મહાનગરપાલિકા તરફથી ઈનામ એનાયત કરવામાં આવશે. આ બન્ને સ્પર્ધાઓમાં પ્રથમ ત્રણ વિજેતાઓને પ્રથમ ઈનામ રૂા. ૫૦,૦૦૦, દ્વિતિય ઈનામ રૂા. ૩૦,૦૦૦ તેમજ તૃતીય ઈનામ રૂા. ૨૦,૦૦૦ સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવશે. સુરત મહાનગરપાલિકા માન્ય જયુરી પેનલ દ્વારા પસંદગી પામેલ સ્પર્ધામાં વિજેતાના સુચનો/અભિપ્રાયો ધ્યાને લઈને "વિઝયુઅલ ઈમ્પ્રુવમેન્ટ ઈન એરિયા" અંતર્ગત સદર વિસ્તારને વધુ સુંદર બનાવવા માટે અમલ કરાવવામાં આવશે.

શહેરના નાગરિકો, શાળા–કોલેજના વિદ્યાર્થીઓ, એન્જીનીયરર્સ, આર્કિટેકટસ તેમજ અન્ય પ્રોફેસનલ્સ આ બન્ને સ્પર્ધાઓમાં બહોળી સંખ્યામાં ભાગ લઈ શકે તે હેતુથી સ્પર્ધાની એન્ટ્રી સબમીટ કરવાની અંતિમ તારીખ ૧૦ જુલાઈ, ૨૦૧૬ થી લંબાવીને ૨૫ જુલાઈ, ૨૦૧૬ સુધીની કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે તેમજ સ્પર્ધામાં ભાગ લેવા માટે ભારત સરકારની વેબસાઈટ www.mygov.in ની મુલાકાત લેવા વિનંતી.

સ્ટ્રીટ–જંકશન સ્પર્ધાની વેબલીંક http://bit.ly/suratcontest1

પાર્ક (ગાર્ડન) સ્પર્ધાની વેબલીંક http://bit.ly/suratcontest2

# <u>સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા</u>
# <u>આજરોજ કરવામાં આવેલ બાંધકામ સર્વેની પ્રેસનોટ</u>

૬૭૭

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને મે.કમિશનરશ્રીના આદેશ મુજબ તમામ ઝોનમાં આજે **તા.૦૭/૦૭/૧૬** ના રોજ બાંધકામોમાં સર્વેની કામગીરી કરવામાં આવેલ હતી. આ સર્વેમાં બાંધકામોમાં કામ કરતાં મજુરોને મચ્છરદાની તથા શૌચાલયની સુવિધા આપવામાં આવે છે કે નહિં તેની તપાસ કરવામાં આવેલ હતી. આ ઉપરાંત મચ્છરજન્યરોગની પરિસ્થિતી ઉત્પન્ન કરતાં બાંધકામોમાં નોટિસ આપવાની તથા વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી પણ કરવામાં આવેલ હતી. સર્વેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં લેજંડ ટેક્ષટાઈલ માર્કેટ,એવ્યુડ ડેવલોપર્સ, કીંગ ટાવર , ઉધના ઝોનમાં ઝેનોન,ચરોતર કન્સ્ટ્રકશન,હાઈટેક પાર્ક,ગોલ્ડનપાર્ક, લિંબાયત ઝોન સાંકેત માર્કેટ,અવધ માર્કેટ, મુખ્યમંત્રી આવાસ,સેફાયર,દ વર્લ્ડ હિન્દવા હોટલ,સ્કાયવ્યુ, અઠવા ઝોનમાં સીવીલ કેમ્પસ, કયુબ કન્સ્ટ્રંકશન,બાલાજી એન્કલેવ,સ્વીમ પેલેસ,ઈફિનીટી બ્રિજ હબ, ટિટેનીયમ, કતારગામ ઝોનમાં જીઓન સ્કવેર, શિવાની એવન્યુ, ગોલ્ડન રીવેરા, એપલ બિજનેસ હબ, પ્રિઝમ એપાર્ટમેન્ટ, રોયલ ડાયમંડ જેવા બાંધકામોમાં સર્વેની કામગીરી કરવામાં આવેલ હતી.

| ઝોન | સર્વે કરેલ બાંધકામની સંખ્યા | મજુરોની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | આપવામાં આવેલ નોટિસની સંખ્યા | વહીવટી ખર્ચ | મચ્છરદાની આપવામાં આવેલ બાંધકામની સંખ્યા | શૌચાલયની સુવિધા ધરાવતાં બાંધકામની સંખ્યા | લોહીના નમુના/ તાવના કેસ |
|---|---|---|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૩૯ | ૩૮૩ | ૧૨ | ૧૧ | ૮૩૦૦ | ૩૬ | ૩૬ | ૨૩૧ |
| વેસ્ટ | ૭૩ | ૧૯૮૪ | – | ૫૨ | ૧૮૫૦૦ | ૫૮ | ૭૧ | ૧૩૨/૩૧ |
| સાઉથ | ૫૨ | ૬૮ | ૧૫ | ૨૪ | ૫૭૦૦૦ | ૧૮ | ૪૦ | – |
| સા.ઈસ્ટ | ૫૬ | ૧૪૩૮ | ૧૫ | ૪૫ | ૫૬૦૦૦ | ૫૬ | ૫૩ | ૩૬૩ |
| સા.વેસ્ટ | ૫૧ | ૧૫૫૭ | ૬૧ | ૧૬ | ૮૯૫૦૦ | ૪૧ | ૪૩ | – |
| નોર્થ | ૬૦ | ૨૦૧૩ | ૪૩ | ૪૩ | ૧૩૬૦૦૦ | ૨૧ | ૫૩ | ૮૬ |
| ઈસ્ટ | ૧૪૪ | ૩૫૦૨ | ૩૬ | ૭૩ | ૭૫૭૦૦ | ૪૨ | ૧૦૯ | – |
| કુલ | ૪૭૫ | ૧૦૯૪૫ | ૧૮૨ | ૨૬૪ | ૪૪૧૦૦૦ | ૨૭૨ | ૪૦૫ | ૮૧૨ |

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

**સુરત મહાનગરપાલિકા**
**જાહેર આરોગ્ય વિભાગ**
**સ્વચ્છ ભારત અભિયાન**
**<u>પ્રેસનોટ</u>**

ભારત સરકાર દ્વારા આગામી સને ૨૦૧૯ સુધી "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૪/૦૭/૧૬ના રોજ "ઈન્ટરનેશનલ કો. ઓપરેટીવ ડે" નિમિત્તે તા.૦૧/૦૭/૧૬ થી તા.૧૫/૦૭/૧૬ દરમ્યાન શહેરી ઝોન વિસ્તારમાં રેસીડન્ટ વેલફેર એસોસીએસન અને હાઉસીંગ સોસાયટી માટે "સ્વચ્છ અને સ્વસ્થ ભારત" ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૦૫/૦૭/૧૬ના રોજ ઝોન/વોર્ડ વિસ્તારમાં આવેલ જાહેર સ્થળો, ઓફિસો, સરકારી / અર્ધસરકારી સંસ્થાઓ, શાળા / કોલેજ, હોસ્પિટલો વિગેરેની આસપાસ પ્રતિબંધિત વિસ્તારમાં તમાકુ, ગુટખા,પાન મસાલા, બિડી, સીગરેટ તથા અન્ય તમાકુની બનાવટોના વેચાણ તથા જાહેરમાં થુંકવા પર પ્રતિબંધને લગતી કામગીરીની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન તમામ ઝોનમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ હતી.

| ઝોન | ચેક કરેલ સંસ્થાની સંખ્યા | ગુટકા પાઉચ | તમાકુ પડીકી | બીડી બંડલ | સીગરેટ પેકેટ | જપ્ત કરેલ પ્લાસ્ટિક (કિ.ગ્રા) | નોટીસ | ઈસમો | વહિવટી વસુલાત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **વરાછાઝોન** | 93 | 0 | 105 | 55 | 20 | 8 | 8 | 10 | 2000 |
| **ઉધના ઝોન** | 74 | 105 | 107 | 25 | 11 | 5 | 11 | 18 | 3600 |
| **રાદેરઝોન** | 71 | 58 | 68 | 52 | 18 | 6 | 10 | 12 | 600 |
| **લિબાયતઝોન** | 74 | 111 | 58 | 26 | 17 | 3 | 6 | 22 | 4400 |
| **સેન્ટ્રલઝોન** | 69 | 0 | 91 | 17 | 2 | 5 | 12 | 40 | 8000 |
| **કતારગામઝોન** | 79 | 60 | 78 | 68 | 7 | 6 | 15 | 31 | 6200 |
| **અઠવાઝોન** | 39 | 56 | 66 | 10 | 8 | 3 | 8 | 22 | 4400 |
| **ટોટલ** | **499** | **390** | **573** | **253** | **83** | **36** | **70** | **155** | **29200** |

વધુમાં આજુ બાજુના વિસ્તારની ધનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ રહિશોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી સને ૨૦૧૯ સુધી "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૪/૦૭/૧૬ના રોજ "ઈન્ટરનેશનલ કો. ઓપરેટીવ ડે" નિમિત્તે તા.૦૧/૦૭/૧૬ થી તા.૧૫/૦૭/૧૬ દરમ્યાન શહેરી ઝોન વિસ્તારમાં રેસીડન્ટ વેલફેર એસોસીએસન અને હાઉસીંગ સોસાયટી માટે "સ્વચ્છ અને સ્વસ્થ ભારત" ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૦૭/૦૭/૧૬ના રોજ ઝોન/વોર્ડ વિસ્તારમાં આવેલ શાળાના બાળકોનો હેલ્થ ચેકઅપ કેમ્પની કામગીરી તેમજ આજુ બાજુ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન તમામ ઝોનમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ હતી.

| ઝોન | ડ્રોઈંગ સ્પર્ધા/ચેકઅપ કરવામાં આવેલ શાળાઓની સંખ્યા | ડોકટર/સુપરવાઈઝર સ્ટાફની સંખ્યા | ચેકઅપ કરવામાં આવેલ બાળકોની સંખ્યા | ડ્રોઈંગ સ્પર્ધામાં ભાગ લીધેલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| વરાછાઝોન | 5 | 17 | 312 | 34 |
| ઉધના ઝોન | 9 | 19 | 305 | 33 |
| રાંદેરઝોન | 4 | 15 | 319 | 35 |
| લિંબાયતઝોન | 6 | 14 | 202 | 36 |
| સેન્ટ્રલઝોન | 8 | 18 | 343 | 38 |
| કતારગામઝોન | 3 | 11 | 105 | 40 |
| અઠવાઝોન | 7 | 10 | 99 | 30 |
| **ટોટલ** | **42** | **104** | **1685** | **246** |

વધુમાં આજૂ બાજુના વિસ્તારની ઘનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ રહિશોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

"**સ્વચ્છ ભારત મિશન**" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 679

તા.૦૮/૦૭/૨૦૧૬

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૬૮૦

# પ્રેસનોટ

## " ગોડાદરા વિસ્તારમાં માર્જીનમાં થયેલ બાંધકામ નું ડીમોલીશન અને ગેરકાયદેસર દુકાનોના શટર દુર કરાયા."

લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી) ફા.પ્લોટ નં.૦૬ માં મિલકતદારો દ્વારા પાછળના ભાગે માર્જીન નાં ભાગમાં બાંધકામ ચાલુ કરવામાં આવેલ. ફા.પ્લોટ નં.૦૬ ની પાછળના ભાગે ડ્રાફ્ટ ટી.પી.અનુસારનો સુરત મહાનગરપાલિકા નો રીઝર્વેશન પ્લોટ આવેલ છે. સદર રીઝર્વેશન પ્લોટ ને અડીને મિલકતદારો દ્વારા માર્જીન કવર કરવામાં આવતું હતું. જેને અત્રેની કચેરીથી વારંવાર અટકાવી કડક ચેતવણી આપવામા આવેલ. પરંતુ મિલકતદાર દ્વારા બાંધકામ ચાલુ રખાતા આજ રોજ ઝોન ના શહેર વિકાસ વિભાગ અને દબાણ વિભાગનાં સ્ટાફ દ્વારા માર્જીન માં કરેલ ચણતર, આર.સી.સી. કોલમ, બીમ, લોફ્ટ અને આર.સી.સી. દાદર નું બાંધકામ તોડી પાડવામાં આવેલ. આશરે ૧૫૦૦ ચો.ફુટ જેટલું ચણતર, ૦૬ જેટલા આર.સી.સી. કોલમો, આર.સી.સી. દાદર અને ૨૦૦ ચો.ફુટ જેટલા આર.સી.સી. લોફ્ટને તોડી પાડી આશરે ૧૫૦૦ ચો.ફુટ જેટલી જગ્યા ખુલ્લી કરવામાં આવી. ડીમોલીશન અન્વયે મિલ્કતદાર / કબ્જેદાર પાસેથી રૂ.૪૦,૦૦૦/– જેટલો દંડ વસુલવામાં આવેલ.

તદઉપરાંત સદરહુ વિસ્તારમાં માનસરોવર સોસાયટી વિભાગ–બી ના પ્લોટ નં.૧૭૮, એફ.પી. ૫માં આવેલ સરોવર વિલા ના ૯.૦૦ મી ટી.પી.રોડ ને ટચ મિલકતમાં અને ધીરજનગર વિભાગ–૧માં સબ પ્લોટ નં.૨૪૧ માં એમ જુદી જુદી મિલકતોમાં મિલકતદારો દ્વારા રહેણાંક હેતુના બાંધકામમાં હેતુ ફેર કરી કોમર્શીયલ દુકાનો અર્થે રોલીંગ શટર્સ લગાવેલા. જેને આજરોજ દુર કરી ૦૯ નંગ જેટલા શટર્સ દુર કરી જમા લેવામાં આવેલ.

ઉપરોકત કામગીરી દરમ્યાન ઝોનનાં ડે.ઈજનેરશ્રી, આસી.ઈજનેરશ્રી, દબાણ ખાતાનાં ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૨૫ બેલદારોની ટીમ રોકાયેલ.

૬૮૧

# સુરત મહાનગરપાલિકા
# પશ્ચિમ ઝોન(રાંદેર)
# <u>પ્રેસનોટ</u>

પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં **જહાંગીરપુરા ત્રણ રસ્તા જંકશન પાસે, પુરષોત્તમ જીનની સામે આજે તા.૦૮/૦૭/૨૦૧૬ના રોજ ટી.પી.સ્કીમ નં.૪૬ (જહાંગીરાબાદ), ફા.પ્લોટ નં.૦૧, ત્રિવેણી કોમ્પલેક્ષ તેમજ આજુબાજુના વિસ્તારમાં** માર્જીન / પાર્કિંગ વાળા ભાગમાં દિવાલો ઉભી કરી, પતરાંના શેડ બનાવી દબાણ કરવામાં આવેલ હતું. જેના અનુસંધાને મે. કમિશનરશ્રીના આદેશ મુજબ સદર દબાણો દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ. જે કામગીરી દરમ્યાન –

| | |
|---|---|
| (૧)મહાવીર મોબાઈલ પોઈન્ટ,<br>(૨) કપિલ પાન સેન્ટર,<br>(૩)શ્રી ક્રિષ્ણા હેર આર્ટ,<br>(૪) સીતારામ પાઉંભાજી એન્ડ પુલાવ સેન્ટર,<br>(૫) શિવ શકિત વેલ્ડીંગ વર્કસ,<br>(૬) આદર્શ ફરસાણ એન્ડ ટી સેન્ટર,<br>(૭) એગ્રો આરતી ખેતીવાડી બીજ નિગમ, | (૮) આરતી સાયકલ સ્ટોર,<br>(૯) જય કિશાન કેન્દ્ર,<br>(૧૦) ગીતાબેન ઠાકોરનું દવાખાનું,<br>(૧૧) શ્યામ સોફા એન્ડ ફર્નીચર,<br>(૧૨) ઉમીયા ઈન્ફોટેક,<br>(૧૩) શ્યામ એલ્યુમીનીયમ,<br>(૧૪) આવિષ્કાર એગ્રો |

વિગેરે મિલ્કતોમાંથી પતરાંના શેડ આશરે–૨૬૦૦ ચો.ફૂટ જેટલું દબાણ દૂર કર્યુ તેમજ લારી ગલ્લા–૧૪ નંગ જપ્ત કરવામાં આવ્યા હતા. તેમજ રૂા.૨૨૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

સદર કામગીરી મા.કમિશનરશ્રીની સૂચના અને પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૭/૦૭/૧૬ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- મે.કમિશ્નરશ્રીની સુચના / હુકમ અન્વયે ઝોન વિસ્તારના "૦" દબાણ રૂટ ઉપર આવેલ દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.જેના ભાગરૂપે સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના ઉધના–મગદલ્લા મેઈન રોડ ઉપર આવેલ અણુવ્રત દ્વાર થી ભટાર ચાર રસ્તા સુધીના રોડ પર કૃષિ ફાર્મને લાગુ ૫૫ નંગ કાચા ઝૂંપડાઓનું દબાણ દૂર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.
- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ બ્રેડ લાઈનર સર્કલ થી વાલ્મી કેમ્પસને જોડતાં કેનાલ રોડ પર ૨૫ નંગ કાચા ઝૂંપડાઓનું દબાણ દૂર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

સદરહું કામગીરી અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના ટેકનીકલ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૫/૦૭/૨૦૧૬ થી તા.૦૬/૦૭/૨૦૧૬ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૧૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૦૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૮૨૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૦૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૮૩૮૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૩૫૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૦૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૬૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૩૧૧૮ કરદાતાઓ પાસેથી રૂા.૯૭,૩૪,૩૬૦/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૬૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૮૭ એન્ટ્રીમાં રૂા.૧,૭૦,૧૫૧/– અને આર.સી.ની ૮૦ એન્ટ્રીમાં રૂા.૪,૦૮,૦૬૦/– મળી કુલ રૂા.૫,૭૮,૨૧૧/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૦૦/– રીન્યુઅલની ૨૪ એન્ટ્રીમાં રૂા.૧૩૪૦/– અને દંડની રકમની ૧૪ એન્ટ્રીમાં રૂા.૪૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૬,૬૬૦/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા (૧) "O" રોડ : ગજેરા સર્કલ થી અમરોલી પુલ રોડ સુધી, ગજેરા સ્કુલ થી રાશી સર્કલ BRTS રોડ, અમરોલી જુના જકાત નાકા થી પાળા પરના ઝુપડાનુ, ગજેરા સામે જી.આઈ.ડી.સી. પાસેથી, મહિલા મંદિર પાસે ડભોલી રોડ થી દબાણ હટાવી ખુલ્લી લારી–૧૭, બંધ લારી–૦૫ તથા અન્ય–૪૦ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : નવનાથના ખાડા પાસેથી, લક્ષ્મીકાંત આશ્રમ રોડ પરથી તથા ગાયત્રીનગર સોસા. હરી હરી સોસા. થી દબાણ હટાવી ખુલ્લી લારી–૧૨, બંધ લારી–૦૧ તથા અન્ય–૧૨ જપ્ત કરવામાં આવેલ છે.

# સ્મીમેર

# પ્રેસનોટ

સ્મીમેર હોસ્પીટલમાં તા.૦૧/૦૭/૨૦૧૬ થી તા.૦૭/૦૭/૨૦૧૬ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

- સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૮૮૨૫ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી.૧૦૪૭ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૪૧૮ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૪૩ દર્દીઓને સારવાર આપવામાં આવી.
- ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૧૩ સ્ત્રીઓની પ્રસૂતિ કરાવવામાં આવી.
- સ્મીમેર હોસ્પીટલમાં ૧૨૯ મેજર ઓપરેશનો તથા ૨૬૨ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.
- રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૨૬૪૦, સોનોગ્રાફી ૬૨૬, એમ.આર.આઈ. ૧૧૭ તથા સીટી સ્કેન ૧૦૧ કરવામાં આવેલ છે.
- ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૩૦૪ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૩૩૭ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.
- સ્મીમેરની લેબોરેટરીમાં ૨૨૮૮૬ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.
- જુના ૨૪૮ દર્દીઓ તથા નવા ૯૩ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

૬૮૬

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૨/૦૭/૧૬ થી તા.૦૮/૦૭/૧૬ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૭૩૮ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૯૧ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૮૫ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૧ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૨૮ |

૬૮૭

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## (૧) વોર્ડ નં. ૩, નોંધ નં.૩૭૨૬ માછીવાડ, શેરી નં.૨, નવાપુરા, સુરત ખાતે આવેલ બિસ્માર મિલ્કત ઉતારી પાડવાની વિગત :–

ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોનની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનનાં વિસ્તારમાં વોર્ડ નં.૩, નોંધ નં.૩૭૨૬ માછીવાડ, શેરી નં.૨, નવાપુરા, સુરતમાં આવેલ મિલ્કત ભારે વરસાદ દરમ્યાન વર્ષો જુની ગ્રા.ફલોર + બે માળની લાકડાનાં પેઢીયા તથા પાટીયાવાળી મિલ્કતનો પાછળનો ભાગ તૂટી પડેલ, જે અન્વયે આજે તા.૦૮/૦૭/૧૬ ના રોજ અત્રેથી સદરહુ મિલ્કતનાં હિતધરાવનારાઓને નોટીસ પાઠવી, મિલ્કતનો બિસ્માર ભાગ ઉતારી પાડવામાં આવેલ છે. વધુમાં, વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

## (૨) વોર્ડ નં. ૩, નોંધ નં.૩૩૦૯, નવાપુરા, નવોપુલ, કોટસફીલ રોડ, સુરત ખાતે આવેલ બિસ્માર મિલ્કત ઉતારી પાડવાની વિગત :–

ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોનની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનનાં વિસ્તારમાં વોર્ડ નં.૩, નોંધ નં.૩૩૦૯ નવાપુરા, નવોપુલ, કોટસફીલ રોડ, સુરતમાં આવેલ મિલ્કત ભારે વરસાદ દરમ્યાન ભોંયતળીયા + ત્રણ માળની લાકડાનાં પેઢીયા તથા પાટીયાવાળી મિલ્કતનો અમલો નમી ગયેલ તથા ચણતરની દિવાલો નમી ગયેલ, જે અન્વયે આજે તા.૦૮/૦૭/૧૬ ના રોજ અત્રેથી સદરહુ મિલ્કતનાં હિતધરાવનારાઓને નોટીસ પાઠવી, મિલ્કતનો બિસ્માર ભાગ ઉતારી પાડવામાં આવેલ છે.

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૭/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.૫૮ (બમરોલી), એફ.પી.૧૦૩/એ,બી,સી, બ્લોક નં.૨૭૩/એ,બી,સી, માં જય અંબે સોસાયટીમાં રીઝવેશન પૈકીની જગ્યામાં આશરે ૨૫૦ ચો.ફુટ મકાનનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## ''તાપી નદીના જન્મદિનની ઉજવણી અંતર્ગત ચિત્રકામ સ્પર્ધા''

સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૭/૨૦૧૬ને શુક્રવારના રોજ ધો.૮ થી ૧૨ અને ખુલ્લા વિભાગની ચિત્રકામ સ્પર્ધાનું આયોજન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ હતું. જે અંતર્ગત માધ્યમિક વિભાગમાં ૨૭૫ જેટલા વિદ્યાર્થીઓએ તાપી નદીમાં નૌકાવિહાર, તાપી તટે તાપી નદીની પૂજા અર્ચના, તાપી નદીમાં હોડી સ્પર્ધા તથા ખુલ્લા વિભાગમાં ૨૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લઈ મારી કલ્પનાનું તાપી તટે સુરત, તાપી નદીનું શુધ્ધીકરણ, તાપી જળકુંભીનું પ્રદુષણ નાશ અભિયાન વિષય પર ચિત્રો તૈયાર કર્યા હતા. સ્પર્ધામાં નીચે મુજબના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

| **વિજેતા** | **ચિત્રકામ સ્પર્ધાના વિજેતાઓ** | |
|---|---|---|
| | **માધ્યમિક વિભાગ (ધો. ૮ થી ૧૨)** | **ખુલ્લો વિભાગ (૧૮ વર્ષથી ઉપરના)** |
| પ્રથમ | દવે દ્રષ્ટિ ભાવેશભાઈ | પટેલ નેહા દિપેનભાઈ |
| દ્વિતીય | અર્થ વી. પટેલ | પટેલ સમીરભાઈ સત્યદેવ |
| તૃતીય | બારોટ હાર્દિક ભદ્રેશભાઈ | આડમાર મયુરસિંહ |
| આશ્વાસન | અજમેરી કાજલ એસ. | પીપળીયા સોનલબેન જીગ્નેશભાઈ |
| | ત્રાપસિયા ધ્રુવી મહેશભાઈ | કંચનવાલા ધન્વિન એન. |
| | ભટ્ટ પ્રાચી કે. | – |

આ ચિત્રકામ સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, સાંસ્કૃતિક સમિતિના સભ્યો, આસી.મ્યુનિ.કમિશ્નરશ્રી કમલેશભાઈ નાયક તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ તરીકે નોટબુક આપવામાં આવેલ હતી.

"તાપી નદીના જન્મદિન"ની ઉજવણી પ્રસંગે યોજાયેલ ચિત્રકામ સ્પર્ધાના સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીગણ, વિવિધ ચેનલના પ્રતિનિધિઓ, ફોટોગ્રાફરો, કલાપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# પ્રેસનોટ

સેન્ટ્રલ ઝોન વોર્ડ નં. ૯, ચૌટા બજાર વિસ્તારમાં દબાણ દુર કર્યાની પ્રેસનોટ

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ /સીટી ઇજનેરશ્રી તથા કાર્યપાલક ઇજનેરશ્રીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ આજ રોજ તા. ૮/૦૭/૨૦૧૬ ના રોજ સુરત શહેરના વોર્ડ નં. ૯ માં આવેલ ગીચ અને ટ્રાફીકની સમસ્યા ધરાવતા ચૌટાબજાર વિસ્તાર માં ગોપીપુરા ખપાટીયા ચકલા ચાર રસ્તાથી ખાંડબજાર ત્રણ રસ્તા સુધી અને લાલગેટ સાહેલી શોપીંગ સેન્ટરથી જયશંકર ધનજી ફરસાણ ચાર રસ્તાથી ચેતના રેસ્ટોરન્ટ ભાગાતળાવ સુધીના જાહેર માર્ગ ઉપર રસ્તાની બંને બાજુએ તા. ૮/૦૭/૨૦૧૬ ના રોજ બપોરે ૪:30 કલાકેથી મોડી સાંજ સુધી જાહેર સરેઆમ માર્ગ ઉપરના હંગામી દબાણો દુર કરવા દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. ઉપરોક્ત જણાવેલ જાહેર સરેઆમ માર્ગ ઉપરાંત આ માર્ગોને અડીને આવેલ સાંકડી મોટા મંદિરની ગલીઓ, સાંઈબાબા મંદિરની ગલી, હનુમાન મંદિરની ગલીઓમાં થી પણ મોટાપાયે હંગામી દબાણો દુર કરવામાં આવેલ છે.

હંગામી દબાણો માં માર્ગ ઉપરના ફેરીયાઓના લારી-ગલ્લાઓ, પાથરણા વાળાના સ્ટેન્ડ, દુકાનોને અડીને બનાવેલ લોખંડના સ્ટેન્ડ, સ્ટુલ, ભીંતને અડીને બનાવેલા શોકેસો અને ફર્નિચર્સ ઉપરાંત જાહેર માર્ગ ઉપર ઠેર-ઠેકાણે બાંધવામાં આવેલ તાડપત્રિઓ, બેરીકેટ સ્ટેન્ડ વિગેરે સહિતના દબાણો દુર કરી સરેઆમ માર્ગને ખુલ્લો કરવામાં આવેલ છે. ઉપરોક્ત કામગિરી સેન્ટ્રલ ઝોનના ડેપ્યુટી ઇજનેર-૦૩, આસી./જુ.ઇજ્નેર-૮, સુપરવાઈઝર/ ટેક.આસી.-૬, બેલદારો – ૪૫ તથા ૬-ટ્રક સહિતના દબાણ વિભાગ, શહેર વિકાસ વિભાગ, લોકસેવા વિભાગ સહિતના સ્ટાફ સાથે અઠવા પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે ત્રણ ટીમો બનાવી સફળતાપુર્વક દબાણની કામગીરી પુરી પાડવામાં આવેલ છે.

સદરહુ કામગીરી દરમ્યાન નીચે જણાવેલ માલ સામાન જમાં લેવામાં આવેલ છે.

(૧) પ્લાસ્ટીકના કેરેટ – ૧૧

(૨) પ્લાસ્ટીકની તાડપત્રી – ૮૪

(૩) લાકડાના ટેબલ – ૦૮

(૪) લોખંડના સ્ટેન્ડ/ જાળી – ૪૮

(૫) લાકડાના સ્ટૂલ – ૦૬

(૬) કટલરી સામાન – ૧૨ પોટલા

(૭) પ્લાસ્ટીકના ટેબલ – ૧૦

(૮) ફુટ સ્ટેન્ડ – ૦૪

(૯) લોખંડના ટેબલ – ૦૮

(૧૦) રસનું મશીન – ૦૨

(૧૧) કાઉન્ટર – ૦૮

(૧૨) બંધ લારી – ૦૩

(૧૩) ખુલ્લી લારી - ૦૬




S.M.C. C.Z.

# પ્રેસનોટ

શહેરીજનોની અમૂલ્ય વિરાસત તાપીનદીની સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુસર તાપીનદીના ઓવારાઓ પર મુકવામાં આવેલ''પુષ્પાંજલિ કળશ''ની લોકાર્પણવિધિ તા.૧૧/૦૭/૨૦૧૬ના રોજ સાંજે ૦૫ઃ૩૦ કલાકે નાવડી ઓવારા, નાનપુરા,સુરત ખાતે  માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશનાં વરદ્હસ્તે તેમજ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ પદે તેમજ રાજય કક્ષાના માન.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી , ગુજરાત સરકારના દંડકશ્રી અજયકુમાર ચોકસી, મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ,મા. સાંસદશ્રી સી.આર. પાટીલ , મા.સાંસદશ્રી પરભુભાઈ વસાવા , ગુ.હા.બોર્ડના મા. અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે તથા મા.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, મા. ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ  પટેલ, મા.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ,મા. ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી , મા.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા,મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, મા. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ,મા. ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ, મા. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, મા. ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, મા. ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિના મા.અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મા.શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા,માન.અધ્યક્ષશ્રી આરોગ્ય સમિતિ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલાના અતિથિવિશેષ પદે રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે જાહેર જનતાને ઉપસ્થિત રહેવા સ્નેહભર્યું નિમંત્રણ છે.

# ડ્રાય ડે

## <u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **<u>તા.૦૯/૦૭/૧૬</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં ખજુરાવાડી,ધાસ્તીપુરા,સોનીફળીયા, મહારાષ્ટ મંડળનો ખાંચો,કમાલ ગલી, ઝાલાવાડનો ટેકરો, તુલસી ફળીયું, બેગમપુરા જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં એસ.એમ.સી આવાસ સિલ્વરપાર્ક સોસાયટી, દિનદયાળ સોસાયટી,બંગલાટાઈપ, રામમઢી જીનમીલ ઝુ, માધવવસાહત હરિજનવાસજેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં ખત્રીનગર, નાગસેનનગર,અકરમનગર, ગણેશનગર,અકક્ષાનગર, જગ્ગનાથનગર જેવા વિસ્તારોમાં,લિંબાયત ઝોનમાં અંબાનગર હાઉસીંગ સોસાયટી રૂસ્તમ પાર્ક –એ અને બી,પુષ્પાનગર વિભાગ–૧ ,શ્રી રામેશ્વર સોસાયટી,જગદમ્બાનગર,શ્રીહરીનગર,ચંદ્રલોક સોસા યટી, સ્મિત રો હાઉસ જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં આદર્શપછાતવર્ગ, યુ.પી.નગર, સીટીલાઈટ, આભવાગામ, અંબિકાનગર, અલથાણ હળપતિવાસ,ભીમોપોર જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં હળપતિવાસ, શીવનગર, યોગીનગર, વિજયનગર, બહુચરનગર, પટેલવાડી ૧/૨, ઉત્કલનગર, રીલાયન્સનગર ગુ.હા.બો., એચ–૪ આવાસજેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં મફતનગર, ઉધરસભૈયાની વાડી, ધરમનગર સો, ક્ષમા સો, રામકિશન કોલોની,શકિતવિજય સો, છીપવાડ મહોલ્લો,રીવેરા, ગોવિંદનગર, મમતા,અસ્પાયર,પ્રિયંક હાઈટ્સ,મુકિતધામ,વિક્રમનગર,માતૃશકિત,સહયોગ સો–૨ જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 39842 | 88416 | 270 | 12823 | 1358 | 2398 | 133 | 65000 | 85 | 33835 | 19261 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**